**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૦.૫ ડીગ્રી
લઘુતમ : ૧૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૪૦ ટકા

# ‘નમસ્તે ટ્રમ્પ’ શહેરમાં આનંદ-ઉત્સાહની લાગણી

## ગાંધીનગરની સાવ નજીક આવેલા મોટેરા સ્ટેડીયમમાં ટ્રમ્પનું ભવ્ય સ્વાગત કરાશે : નગરજનો કયાંક ઉત્સાહિત તો કયાંક કરોડોના ખર્ચ મામલે નિરાશા

**ગાંધીનગર, તા.૨૩**

**અમેરિકાના રાષ્ટ્રપતિ ડૌનાલ્ડ ટ્રમ્પ ભારત પ્રવાસે આવે છે. દેશભરમાં સૌ આ દિવસની રાહ જોઈ રહ્યા છે. શહેરીજનોને પણ ટ્રમ્પના ભારત પ્રવાસ વિશે પૂછતા તેઓએ તેમના મંતવ્ય આપ્યા હતા. અમુકનું માનવુ છે કે, ભારતમાં અતિથીને દેવ માનવામાં આવે છે તે ખરું પણ અતિથી પાછળ કરોડો ખર્ચવા તે કયાંનો ન્યાય? ભારતના ઘણા પ્રશ્નોના હજી ઉકેલ આવતા નથી. સરકાર આ બધામાં ધ્યાન આપવાને બદલે તેમાં ધ્યાન આપે તો સારું, ગુજરાત માટે અમેરીકાના પ્રમુખનું આવવું એ ગૌરવની વાત છે પણ પાણીની જેમ આ વેડફતા પૈસાનો ઉપયોગ જો જાહેર જનતાના પ્રશ્નો ઉકેલવા કે સુવિધા નિશ્ચિત કરવા થાત તો વધુ સારું હતું. ચાલો, શહેરીજનોના પ્રતિભાવો જાણીએ.**

●●●

એક ગુજરાતી હોવાને



નાતે જયારે ડોનાલ્ડ ટ્રમ્પ એક મહાસત્તાના નેતા આપણા શહેરમાં આવે છે તો તે ખરેખર ગર્વ લેવા જેવી બાબત છે, આનાથી ફર્ક શું પડશે એ સમજવું કે સમજાવું એ હાલ યોગ્ય નથી.

**- તેજસ દરજી**

●●●

કોઈ પણ મહાસત્તા આપણા ગુજરાતમાં આવે છે



તો તે આનંદની વાત છે જ.. કારણ કે આની નોંધ વશ્વિક સ્તરે લેવાય છે.. જેના કારણે પુરા વિશ્વની નજર ભારત પર છે... કોઈ પણ દેશ અને એમાં પણ આવી મહાસત્તા સાથે સંબંધો મૈત્રીપૂર્ણ બનાવવા માટે આવા કાર્યક્રમો જરુરી છે.

**- યશરાજ તલાવિયા**

●●●

કેમ છો ટ્રમ્પ!! નમસ્કાર ટ્રમ્પ!! આ શબ્દોના વજન નીચે ગુજરાતની જનતાને હવે સહન કરવાની ક્ષમતા કેળવી લેવી પડશે કારણકે આ કરોડોનો આદર સત્કાર, અતિથિ દેવો ભવઃની ભાવના એ દાઝયા પર ડામ દેવા જેવી છે કારણ કે રાજય અને દેશ મંદીનો માર વેઠી રહ્યા છે ત્યારે



આ ખર્ચો ભવિષ્ય માટે ભલે સારો નિવડે પણ હાલમાં તો માત્ર અને માત્ર ખોટો ખર્ચો અને સામાન્ય પ્રજા માટે કોણીએ ગોળ લગાડવાની વાતો છે.

**- ગૌતમભાઈ ઠાકોર**

●●●

બાકી સામાન્ય પ્રજા માટે ટ્રમ્પ આવે તો શું, અને ન આવે તો ય શું... કરોડો ખર્ચો કે અબજો... પણ આ એક દિવસના દેખાડાનો ભાર



તો ટ્રમ્પના ગયા પછી જ સમજાશે કે આપણું શું લઈ જાય છે અને આપણને શું આપી જાય છે? બાકી આપણી સંસ્કૃતિ અતિથિ દેવો ભવ છે તો એમ સમજી કરોડોનો ખર્ચો હસતા મુખે સ્વીકારી જ લેવાનું છે.

**- રસિકભાઈ એન. પંડયા**

●●●

જયારે દેશમાં હાલ આર્થિક અવ્યવસ્થા સર્જાઈ છે, દરેક સામાન્ય માણસ મંદીના મારથી પીડાઈ રહ્યો છે ત્યારે આવો કરોડોનો કારણ વગરનો ખર્ચ આઘાતજનક છે.. ૧૫



દિવસથી ટ્રમ્પ આવે છે, ટ્રમ્પ આવે છે આજ ચાલે છે.. બાકી બધા જ સરકારી કામો ઠપ્પ છે, જેના કારણે સામાન્ય માણસને તકલીફો ઉભી થઈ છે.

**- અંકિતા હલપતિ**

●●●

ટ્રમ્પ ભારત આવશે તો ચીનને અંદરખાને ચિંતા થશે અને ટ્રમ્પ અમદાવાદમાં આવે છે એ જ ભારત માટે



મહત્તવનું છે. ટ્રમ્પના ગુજરાત આવવાથી પૂરા વિશ્વમાં ગુજરાતનો ડંકો વાગશે.

**- રમેશ પ્રજાપતિ**

●●●

આ મુલાકાત વૈશ્વિક કક્ષાએ ભારતને ઉચ્ચ સન્માન પ્રાપ્ત કરાવશે તો કોઈના મંતવ્ય મુજબ આ જ મુલાકાત ખોટા



ખર્ચ જેવી લાગશે, આટલા મોટા ખર્ચ પછી આપણે શું મેળવ્યું અને શું ગુમાવ્યું? તે ખરેખર સમય આવે જ નક્કી થઈ શકે, ક્યારેક કોઈ રોકાણનો લાભ તરત જ દેખાતો હોય છે તો ક્યારેક કોઈ રોકાણનો લાભ લાંબા ગાળે દેખાતો હોય છે.

**- જીતુભાઈ સોની**

●●●

આપણને ગૌરવ થવું



જોઈએ કે વિશ્વના શક્તિશાળી દેશના મહાનુભાવ આપણા આંગણે આવી રહ્યા છે. વધુમાં, તેમના આવવા માટે જે તૈયારી માટે ખર્ચ કરી સિટીમાં રૂપિયા પાણીની જેમ ખર્ચ કર્યો તે તમામ સુવિધાઓ જો એમ જ રહે તો મને અને આપણા શહેરી લોકોને આનંદ થશે. ફરી આવો ખર્ચ ન કરવો પડે તે સરકારે જોવું જોઈએ.

**- કરણસિંહ સોલંકી**

●●●

મારા મતે ટ્રમ્પના અમદાવાદ આવવાથી મોદી સાહેબની વ્યક્તિગત શક્તિનો અને દુરંદેશી સાબિત થાય છે.



ટ્રમ્પ અમદાવાદ આવવાથી વૈશ્વિક કક્ષા એ અમદાવાદને ટુરિઝમનો સારો ફાયદો થતો દેખાય છે.

**- અમિત પંડયા**

●●●

અમેરીકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ૨૪ ફેબ્રુઆરીના



રોજ અમદાવાદ ખાતે આવી રહ્યા છે. આપણી સંસ્કૃતિ પ્રમાણે આપણે તેઓને આવકારીએ છીએ પરંતુ આ સમગ્ર કાર્યક્રમ રાજકીય લાભ ખાટકવા માટે થઈ રહ્યો છે જનતાના ટેકસના પૈસા વેડફવા માટે સરકારને કોઈ અધિકાર નથી.

**- અંકિત બારોટ**

●●●

અમેરીકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ભારત આવવાથી પ્રજાની મુશ્કેલીઓ વધવાની છે. વર્ષોથી રજુઆત કરતા નાગરિકો માટે રોડ અને લાઈટની સમસ્યા સરકાર



સાંભળતી નથી પરંતુ ટ્રમ્પના કાર્યક્રમ હોવાથી રાતો રાત રોડ અને લાઈટો નખાય જાય છે જે સરકારની હલકી માનસીકતા છતી થાય છે.

**- દુર્ગેશ ગઢવી**

●●●

અમેરીકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ભારત આવે તે



આપણા દેશ માટે ગર્વની વાત છે એ પણ અમદાવાદ આવે તે આપણે સૌ ગુજરાતી માટે અતિગર્વની વાત છે. ટ્રમ્પ ના અમદાવાદ આવવાથી વેપાર-ધંધા ને ફાયદો થશે. ભારત-અમેરીકાના સબંધ વધારે મજબૂત થશે જેના લીધે આપણાં NRI ને તેનો સીધો ફાયદો થશે.

**- જય સથવારા, વેપારી**

●●●

ખોટા ખર્ચા કરે છે..પેલા કીધેલું કે બિઝનેસ ડીલ છે..અને હવે સ્ટેડિયમના ઉદઘાટન માટે કરોડોના ખર્ચા કરવાના પરંતુ એનું વળતર મળશે કે નહિ એનું કઈ જ નક્કી નથી. છેલ્લે તો આપણા માથે જ આવવાનું છે.

**- નયન ડાગલીયા**

●●●

મારા મતે ટ્રમ્પ આવવાથી ગુજરાતને ફાયદો થશે નહિ. ટ્રમ્પના પાચળ ખર્ચ કરવા કરતાં અમારા જેવા ગરીબ લોકોને તે



પૈસાની સહાય કરવી જોઈએ. અમદાવાદમાં ટ્રમ્પનો લાવશો તો એ ગુજરાતીમાં ભાષણ કરવાના નથી. આ બધા ખોટા ખર્ચાઓ છે સરકારે અમને સહાય કરવી જોઈએ આટલા બધા પૈસા અંગ્રેજી સાંભળવાના???

**- શ્રીમતી ચંપાબેન પટેલ**

# જેટલો ગર્વ દિકરી માટે તેટલો જ ગર્વ પુત્રવધુ માટે પણ...!!

## ગાંધીનગરની પુત્રવધુ ‘પારૂલ કશ્યપ મોદી’ની આગામી ‘ભારત આઈકોન એવોર્ડ’માં ‘શ્રેષ્ઠ મોડેલ’ તરીકે પસંદગી : આગામી તા. ૬ઠ્ઠી માર્ચે મુંબઈ ખાતે એવોર્ડ એનાયત થશે : લગ્ન પછી શરૂ કરેલી મોડેલિંગ કારકિર્દીની સફળતામાં સાસરિયાંનું પ્રોત્સાહન પ્રેરક બન્યું

ગાંધીનગર, તા.૨૩

આપણા સમાજમાં હજુ પણ એવા પરિવારો મોટી સંખ્યામાં જોવા મળે છે જેમાં દિકરા અને દિકરી વચ્ચે ભેદભાવ પૂર્ણ વ્યવહાર કરવામાં આવે છે એટલું જ નહીં પરંતુ દિકરી અને પુત્રવધુ સાથેના વ્યવહારમાં પણ તફાવત રાખતા હોય છે. જો કે હવે સમય પડખું ફેરવી રહ્યો છે અને એક તરફ જયાં સાસુ વહુના કારણે પરિવારોમાં ભાગલા પડતા હોવાની વાતો ચર્ચાય છે તેવા માહોલમાં હવે અનેક પરિવારોમાં પુત્રવધુને પણ દિકરીની જેમ જ પ્રેમ અને સન્માન અપાય છે. આ પરિવારોમાં પછી કજીયા-કંકાસને કોઈ અવકાશ રહેતો નથી. ગાંધીનગરના આવા જ એક પરિવારની પુત્રવધુને પરણ્યા પછી ‘મોડેલિંગ’ જેવા ગ્લેમરસ વ્યવસાયમાં જવા માટે સાસરિયા તરફથી જ માત્ર સહકાર જ નહી પરંતુ પ્રોત્સાહન પણ પુરું પાડવામાં આવ્યું જેના પ્રતાપે તે પુત્રવધુએ તેના આ મનગમતા ક્ષેત્રમાં કારકિર્દી ઘડવા સાથે હવે આગામી તા. ૬ઠ્ઠી માર્ચના રોજ ‘શ્રેષ્ઠ મોડેલ’ તરીકેનો ‘ભારત આઈકોન’ એવોર્ડ પ્રાપ્ત કરવા જઈ રહી છે.

ગાંધીનગરના સેકટર-૨માં રહેતા મોદી પરિવારની પુત્રવધુ પારૂલ કશ્યપ મોદીને આગામી તા. ૬ઠ્ઠી માર્ચના રોજ મુંબઈના જુહુમાં કોન ઓડિટોરિયમ ખાતે યોજાનાર રૉયલ હેરિટેજ ફાઉન્ડેશન પ્રેરિત ‘ભારત આઈકોન એવોર્ડ’ સમારંભમાં ‘શ્રેષ્ઠ મોડેલ’ તરીકે સન્માનવામાં આવશે. સામાજિક પ્રવૃત્તિઓ ક્ષેત્રે કાર્યરત આ સંસ્થા દ્વારા સતત પાંચમા વર્ષે આ એવોર્ડ સમારંભનું આયોજન




કરવામાં આવ્યું છે. ફિલ્મ-ટીવી-મોડેલિંગ વગેરે ક્ષેત્રે વિવિધ કેટેગરીમાં ઉત્કૃષ્ઠ યોગદાન બદલ એવોર્ડ આપતી આ સંસ્થા દ્વારા ઉદિત નારાયણ, જાવેદ અલી, જહાનવી કપૂર, અનુપ જલોટા જેવી અનેક હસ્તીઓને ભારત આઈકોન એવોર્ડથી સન્માનિત કરવામાં આવી ચુકી છે. મોડેલિંગ જેવી ગળાકાપ સ્પર્ધા ધરાવતી કેટેગરીમાં એક પરિણિત મહિલાને બેસ્ટ મોડેલ તરીકે પસંદ કરાય છે જે ગાંધીનગરની પુત્રવધુ હોય તે પાટનગર માટે ગૌરવપ્રદ ઘટના લેખાશે.

પારૂલ કશ્યપ મોદી શહેરના સેકટર-૨માં રહેતા સરકારના માહિતી વિભાગમાંથી નિવૃત્ત થયેલા કર્મચારી વિનોદભાઈ મોદી તથા તેમના ધર્મપત્નિ અલકાબેન મોદીના પુત્રવધુ છે અને રોડ કન્સ્ટ્રકશનના વ્યવસાય સાથે સંકળાયેલા ઈશાન મોદીની પત્નિ તેમજ હિન્દી, ગુજરાતી, દક્ષિણ અને હોલિવુડની ફિલ્મોની અભિનેત્રી અવની મોદીના ભાભી થાય છે. આગ્રાના કાયસ્થ બ્રાહ્મણ પરિવારના કેન્દ્રિય સરકારના અધિકારી આર.એસ. કશ્યપના પુત્રી પારૂલે વર્ષ ૨૦૧૬માં ઈશાન મોદી સાથે પ્રેમલગ્ન કર્યા છે. પિતાની દેશભરમાં વિવિધ સ્થળે બદલી પામતી નોકરીના કારણે મુંબઈમાં જન્મેલા પારૂલને પ્રાથમિક શિક્ષણ જયપુરમાં મળ્યું, માધ્યમિક શિક્ષણ કોલકાતામાં મળ્યું અને પછી તેમણે જવેલરી ડિઝાઈનીંગ ક્ષેત્રે ગાંધીનગરની ‘નિફટ’ સંસ્થામાંથી ઉચ્ચ શિક્ષણ મેળવ્યું છે. આ અભ્યાસ દરમિયાન તેઓ જયાં પેઈંગ ગેસ્ટ તરીકે રહેતા હતા તે ઘર ઈશાન મોદીના માસીનું ઘર હતું તેથી તેમની આવન જાવન રહેતી હતી જે દરમિયાન થયેલો પરિચય પ્રેમમાં પરિવર્તિત થતાં બને પરિવારની સંમતિથી ધામધૂમથી લગ્નગ્રંથીએ જોડાયા હતા. નિફટમાંથી ગ્રેજયુએટ થયા બાદ તેમણે ૩ વર્ષ મુંબઈ અને દિલ્હીમાં ખાનગી કંપનીમાં જોબ પણ કરી હતી પરંતુ કોલેજ કાળ





દરમિયાન યોજાતા ફેશન શૉ અને રેમ્પ શૉના કારણે મોડેલિંગ વ્યવસાય પ્રત્યે તેમની રૂચિ વધી જવા પામી હતી પરંતુ તેમાં કેવી રીતે આગળ વધવું તે અંગે કોઈ જાણકારી નહોતી આ દરમિયાન તેમની સગાઈ થઈ ત્યારે તેમના ભાવિ પતિ ઈશાન મોદીને આ મહેચ્છા અંગે વાત થતા મોદી પરિવારે સૌથી પહેલા તો તેમનો પોર્ટફોલિયો તૈયાર કરાવડાવ્યો અને વિવિધ એજન્સીના સંપર્કો સાધવામાં મદદ કરી હતી. આમ તો મોટાભાગના પરિવારોમાં જયાં મોડેલિંગ કરતી કન્યાને લગ્ન પછી આ વ્યવસાય છોડવા સાસરિયા દબાણ કરે તેવી સ્થિતિ સહજ જોવા મળે છે તેના બદલે મોદી પરિવારે પારૂલને લગ્ન પછી પણ તેમનો આ પસંદગીનો વ્યવસાય શરૂ થઈ શકે તે માટે પ્રયાસો કર્યા અને લગ્ન પછી શરૂ થયેલી કારકિર્દીમાં પહેલા જ વર્ષે પારૂલે ૨૦૧૬માં નવી દિલ્હી ખાતે યોજાયેલા બ્યુટિ એકસ્પોમાં સેકન્ડ રનર્સ અપનું સ્થાન મેળવી પોતાની પ્રતિભાના દર્શન કરાવી દીધા હતા. આ સફળતા પછી તેમને ગાંધીનગરની ઈલેકટ્રોનિકસ ડિવાઈસ બનાવતી કંપનીની જાહેરાતમાં મોડેલ તરીકે પહેલું કામ મળ્યું. આ જાહેરાત પછી પારૂલને પાછુ વળીને જોવાની જરૂર પડી નથી અને એક પછી એક એડવર્ટાઈઝમેન્ટ તેમજ ફેશન શૉ-રેમ્પ શૉ વગેરેમાં પરફોર્મન્સ કરવાની અઢળક તકો પ્રાપ્ત થવા લાગી. આ કારકિર્દી દરમિયાન તેમણે એક હિન્દી સૂફી આલ્બમ ‘તુ સુકુન હે મેરા’ થી માંડીને ડાયમન્ડ મસાલા, સીજે પરીખ બિયારણ, ગોલ્ડન ગંગા વોટર પ્રોજેકટ, બાલાજી કુકીંગ ઓઈલ જેવી અઢળક જાહેરાતોમાં તેઓ હોર્ડિંગ્સ અને ટીવી અખબારો વગેરેમાં ચમકતા રહ્યા છે. ૨૦૧૭માં ઈન્ડિયા ટુડેના ‘સિમ્પલી ગુજરાતી’ મેગેઝિનના અને બે વાર ‘મધુરિમા’ના કવરપેજ પર ચમકી ચુકેલા પારૂલે ૨૦૨૦ના જાન્યુઆરી માસમાં બહેરિન ખાતે ઈન્ટરનેશનલ બ્રાઈડલ શૉમાં પણ પરફોર્મન્સ આપ્યું છે.

નોંધપાત્ર વાત તો એ છે કે તેમનો પ્રોત્સાહન પુરું પાડનાર મોદી પરિવારનો તેમના પતિ સહિતનો એક પણ સભ્ય કયારેય તેમના શુટિંગ સ્થળે સાથે ગયો નથી. પુત્રવધુને પણ આટલું મુકત વાતાવરણ પુરું પાડતા આ પરિવારનાં પાંચેય સભ્યોનું એક વ્હોટેસએપ ગૃપ ‘ફેમિલી ફર્સ્ટ’ બનાવાયું છે. જેમાં દરરોજ દરેક સભ્ય પોતાના કામનું શિડયુલ અપલોડ કરે છે જેના થકી એકબીજાને ખબર પડે કે જે સભ્ય બહારગામ હોય તે તે દિવસની ઘરની જવાબદારીમાંથી મુકત રહે છે.

આ પરિવારના મોભી વિનોદભાઈને આ બાબતે પુછો તો કહે છે કે ‘અમને જેટલો ગર્વ મારી દિકરી માટે છે તેટલો જ ગર્વ અમને અમારી પુત્રવધુ માટે પણ છે.’

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧**

**ભૂત પાર્ટ વન : ધ હોન્ટેડ શીપ**
૯.૦૦, ૧૧.૩૫, ૧.૧૫, ૨.૧૦, ૪.૪૫, ૭.૨૦, ૯.૫૫, ૧૦.૫૫

**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૯.૦૦, ૧૦.૩૦, ૧૧.૪૫, ૨.૩૦, ૪.૧૫, ૫,૧૫, ૭.૦૦, ૮.૦૦, ૯.૪૫, ૧૦.૪૫

**લવ આજ કલ ૨૦૨૦**
૧૧.૧૫, ૫.૦૫

**મલંગ**
૨.૧૫, ૮.૦૫

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧**

**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૯.૨૫, ૧૦.૧૫, ૧૨.૦૦, ૧.૫૦, ૨.૪૦, ૩.૩૫

**ભૂત પાર્ટ વન : ધ હોન્ટેડ શીપ**
૯.૩૫, ૧૧.૧૦, ૧૨.૧૦, ૨.૫૦, ૪.૩૦, ૫.૩૦, ૮.૧૦, ૯.૫૦, ૧૦.૫૦

**લવ આજ કલ ૨૦૨૦**
૧૦.૪૦, ૪.૨૫, ૭.૨૦, ૧૦.૧૫

**મલંગ**
૧.૩૫, ૬.૧૦

**તાન્હાજી** - ૧૨.૫૦

**સિટી પલ્સ, કુડાસણ**

**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૧૨.૩૦, ૨.૩૦, ૩.૩૦, ૪.૩૦, ૬.૩૦, ૭.૩૦, ૧૦.૦૦

**ભૂત ધ હોન્ટેડ શીપ**
૨.૦૦, ૧૨.૦૦, ૫.૦૦, ૭.૦૦, ૯.૩૦

**લવ આજ કલ ૨૦૨૦**
૧૨.૪૫

**મલંગ**
૯.૪૫

**તાન્હાજી**
૩.૪૫

**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૬.૪૫

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬**

**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૯.૧૦, ૧૦.૪૫, ૧૧.૪૫, ૧૨.૪૫, ૧.૨૦, ૨.૨૦, ૩.૨૦, ૩.૫૫, ૪.૫૫, ૬.૩૦, ૭.૩૦, ૯.૦૫, ૧૦.૦૫

**ભૂત પાર્ટ વન : ધ હોન્ટેડ શીપ**
૯.૨૦, ૧૦.૧૫, ૧૧.૫૫, ૧.૨૫, ૨.૩૦, ૫.૦૫, ૭.૪૦, ૯.૧૫, ૧૦.૧૫

**લવ આજ કલ ૨૦૨૦**
૧૦.૩૦, ૪.૦૦, ૯.૪૫

**મલંગ**
૬.૫૫

**સ્ટ્રીટ ડાન્સર ૩-ડી**
૬.૧૫

## મંગળવારે શહેરમાં વિકલાંગ સમૂહ લગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૨૩

લાયન્સ કલબ ઈન્ટરનેશનલની મહિલા પાંખ લાયોનેસ કલબ ગાંધીનગર તથા એસોસીએશન ફોર સોશિયલ વેલ્ફેર દ્વારા તા. ૨૫ ફેબ્રુઆરીના રોજ વિકલાંગ સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. સે-૧૬ સ્થિત રંગમંચ ખાતે સવારે ૮ થી ૧૨ દરમિયાન યોજાનાર વિકલાંગ સમૂહ લગ્નોત્સવમાં ૮ નવદંપતિ પ્રભુતામાં પગલા માંડશે. આ પ્રસંગે શહેરના મહાનુભાવો હાજર રહેશે. જેમાં સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી ઈશ્વરભાઈ પરમાર, લાયન્સ ડિસ્ટ્રિકટ ગવર્નર દિપક ત્રિવેદી, કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાંત જહા, મનપાના મેયર રીટાબેન પટેલ, સુરજીત કૌર ડાંગ, વિશ્વજીતસિંહ ગોહેલ તથા બ્રહ્માકુમારીના પૂ. કૈલાશદીદી નવદંપતીને આશીર્વાદ આપવા ખાસ ઉપસ્થિત રહેશે.

## ચિરવિદાય

- સ્વ. રાવત ઉષાબેન કીરીટભાઈ, ઉ.વ. ૩૩
- સ્વ. પટેલ સોમાભાઈ મોતીદાસ, ઉ.વ. ૯૯
- સ્વ. ધર્મીષ્ઠા જગદીશચંદ્ર શર્મા, ઉ.વ. ૪૬
- સ્વ. ચતુરભાઈ અર્જુનભાઈ ગોદરિયા, ઉ.વ. ૭૦
- સ્વ. મધુરેન્દ્ર નારાયણ અસ્થાના, ઉ.વ. ૮૦
- સ્વ. નેનીબા વિહાજી વાઘેલા, ઉ.વ. ૧૦૦